RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 153 * Date: 25.03.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# સાંસદોને મોંઘવારી નડી! પગાર-ભથ્થા અને પેન્શનમાં પણ વધારો



સાંસદોના પગારમાં ફરી એકવાર વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે 'સંસદ સભ્ય પગાર, ભથ્થાં અને પેન્શન અધિનિયમ-૧૯૫૪ હેઠળ વેતન અને ભથ્થામાં સંશોધન કર્યા બાદ વધારો કર્યો છે. સરકારના નોટિફિકેશન મુજબ નવો પગાર વધારો પહેલી એપ્રિલથી લાગુ થશે. સાંસદોના પગાર વધારવા પાછળ સરકારે કહ્યું કે, 'છેલ્લા પાંચ વર્ષમાં મોંઘવારી ઘણી વધી ગઈ છે, જેને ધ્યાને રાખી આ ફેરફાર કરવામાં આવ્યો છે.'

સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ, સાંસદોના પગાર, દૈનિક ભથ્થું અને પેન્શનમાં ફેરફાર કરવામાં આવ્યા છે. સાંસદોને પહેલા મહિને રૂપિયા ૧,૦૦,૦૦૦ પગાર મળતો હતો, જે વધારીને ૧.૨૪ લાખ કરવામાં આવ્યો છે. જ્યારે દૈનિક ભથ્થું ) રૂપિયા ૨૦૦૦થી વધારી ૨૫૦૦ કરવામાં આવ્યું છે. આ સાથે પૂર્વ સાંસદોના પેન્શનમાં પણ વધારો કરવામાં આવ્યો છે. પૂર્વ સાંસદોનું માસિક પેન્શન ૨૫૦૦૦થી વધારીને ૩૧૦૦૦ કરવામાં આવ્યું છે. જ્યારે વધારાનું પેન્શન (૫ વર્ષથી વધુ સેવા માટે) રૂ. ૨૦૦૦થી વધારીને ૨૫૦૦ કરવામાં આવ્યું છે.સરકારે કહ્યું કે, 'મોંઘવારીની અસરને ધ્યાને રાખીને સાંસદોના પગારમાં વધારો કરવામાં આવ્યો છે. મોંઘવારી દર અને ખર્ચ સૂચકાંકને ધ્યાને રાખીને આ ફેરફાર કરવામાં આવ્યો છે. ઈમૈંના મોંઘવારી દરના આંકડાના આધારે સાંસદોની આર્થિક સ્થિતિ સંતુલિત કરવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે.કેન્દ્ર સરકારના નિર્ણયથી વર્તમાન સાંસદોને પગાર વધારો મળશે. આ ઉપરાંત પૂર્વ સાંસદોને વધુ પેન્શનનો લાભ મળશે. તેમજ પાંચ વર્ષથી વધુ સેવા આપનારા સાંસદોને પેન્શનમાં થયેલા વધારાનો ફાયદો મળશે.આ પહેલાની વાત કરીએ તો સાંસદોને તેમના કાર્યાલયોને અદ્યતન રાખવા અને તેમના સંબંધિત જિલ્લામાં મતદારો સાથે વાતચીત કરવાના ખર્ચ માટે 'મતવિસ્તાર ભથ્થાં' તરીકે રૂ.૭૦,૦૦૦નું ભથ્થું મળી રહ્યું છે. આ ઉપરાંત, તેમને સંસદીય સત્રો દરમિયાન દર મહિને કાર્યાલય ભથ્થાં તરીકે રૂ. ૬૦,૦૦૦ અને દૈનિક ભથ્થાં તરીકે રૂ. ૨,૦૦૦ મળે છે. આ ઉપરાંત, સાંસદોને ફોન અને ઈન્ટરનેટના ઉપયોગ માટે વાર્ષિક રૂ. ૧.૫ લાખનું ભથ્થું પણ મળે છે. તેઓ પોતાના અને તેમના પરિવાર માટે દર વર્ષે ૩૪ ફ્રી સ્થાનિક ફ્લાઈટ્સ તેમજ વ્યાવસાયિક, વ્યક્તિગત ઉપયોગ માટે કોઈપણ સમયે ફર્સ્ટ ક્લાસ ટ્રેન મુસાફરી કરી શકે છે. તેઓ રસ્તાઓનો ઉપયોગ કરતી વખતે માઈલેજ ભથ્થાનો પણ દાવો કરી શકે છે. સાંસદોને વાર્ષિક ૫૦,૦૦૦ યુનિટ મફત વીજળી અને ૪,૦૦૦ કિલોલિટર પાણીનો લાભ પણ મળે છે.પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન સાંસદોને મુખ્ય વિસ્તારોમાં ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે છે. તેઓ તેમની વરિષ્ઠતાના આધારે હોસ્ટેલ રૂમ, ઍપાર્ટમેન્ટ અથવા બંગલા મેળવી શકે છે. જે સાંસદો સત્તાવાર રહેઠાણમાં રહેવા ન ઈચ્છતા હોય તો તેઓને માસિક રૂ. ૨,૦૦,૦૦૦નું આવાસ ભથ્થું મેળવવા માટે પાત્ર છે.

## રાજકોટની વેફર-નમકીનની કંપનીમાં લાગી આગ, ફાયરની ટીમ ઘટનાસ્થળે, અફરા-તફરી સર્જાઇ



રાજકોટના ટી.આર.પી. ગેમઝોનમાં લાગેલી આગને લોકો હજુ ભૂલી શક્યા નથી. ગેમઝોનમાં લાગેલી આગ બાદ ફાયર વિભાગ અને સરકાર દ્વારા નિયમોને કડક બનાવી દેવામાં આવ્યા છે. ત્યારે રાજકોટમાં વધુ એક આગ લાગવાની ઘટના સામે આવી છે. રાજકોટના નાકરાવાડી નજીક આવેલી વેફર બનાવતી કંપની આગ લાગતાં અફરા-તફરી મચી જવા પામી છે. વહેલી સવારે ૯:૩૦ વાગ્યાની આસપાસ આગ લાગી હોવાની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઇ છે. રાજકોટની વેફર-નમકીન બનાવતી કંપનીમાં આગ ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ચાર ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી. આગ ઓલવવા માટે સતત એક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ ઘટનામાં હજુ સુધી કોઇ જાનહાનિના અહેવાલ પ્રાપ્ત થયા નથી. પરંતુ આગ વિકરાળ હોવાથી લાખો રૂપિયાનો માલ-સામાન બળીને ખાખ થઇ ગયો છે. ઉલ્લેખનીય છે કે આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. અત્યારે ફાયર વિભાગની ટીમ દ્વારા આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આગ વિકરાળ હોવાથી દૂર દૂર સુધી ધૂમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા છે.

## 'અડવાણીની દશા એકાંતવાસ વેઠતાં શાહજહાં જેવી, મોદી રાજમાં વારાણસીના મંદિર તૂટ્યાં...' : સંજય રાઉત



મહારાષ્ટ્રમાં ધર્મઝનૂની અને ક્રુર મુઘલ શાસક ઔરંગઝેબની કબરના મામલે રાજકારણ ગરમાયું છે ત્યારે શિવસેના (યુ.બી.ટી.)ના વાચાળ નેતા સંજય રાઉતે ભારતીય જનતા પક્ષનું નિશાન સાધીને જણાવ્યું હતું કે વરિષ્ઠ નેતા એલ.કે. અડવાણીની દશા જોઈને મને બંદિવાન શાહજહાંની સ્થિતિ યાદ આવે છે. ઔરંગઝેબે તેના પિતા શાહજહાંને લાલ કિલ્લામાં કેદ કરેલા.વારાણસીમાં ઔરંગઝેબે મંદિરો તોડયા હતા. પરંતુ આજે અમૃત કાળમાં વારાણસીમાં કોરિડોર બનાવવા માટે સેંકડો મંદિરો અને મૂર્તિઓ પર બુલડોઝર ફેરવવામાં આવ્યું. એ મંદિરો અને મૂર્તિઓનું શું થયું? વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજમાં મંદિરો અને મૂર્તિઓનો ધ્વંસ કરવામાં આવ્યો.

શિવસેના (યુ.બી.ટી.)ના મુખપત્ર 'સામના'ની કોલમ 'રોખટોક'માં રાઉતે લખ્યું હતું કે ઔરંગઝેબની કબર હટાવવાની માગણી થાય છે. પણ ઔરંગઝેબની કબર તો મરાઠાના પરાક્રમનું સ્મારક ગણાય. આ કબર ઉખાડી નાખવાની માગણી થાય છે ત્યારે બીજી બાજુ ભારતમાં જેણે સૌથી વધુ હિંસાચાર આચર્યો હતો એવાં સૌથી ક્રુર આક્રમણખોર તૈમુર લંગનું નામ એક ફિલ્મસ્ટારે પોતાના પુત્રને આપ્યું છે અને તેનું સન્માન (રાજ કપૂરના પરિવારજનો સાથે મુલાકાત કરી ત્યારે) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. એટલે તૈમુર સામે તમને વાંધો નથી અને ઔરંગઝેબની કબર તોડવાની વાતો કરવી છે. ઉલ્લેખનીય છે કે કરીના કપૂર તથા સૈફ અલી ખાને પોતાના પુત્રનું નામ તૈમુર રાખ્યું છે. તાજેતરમાં રાજ કપૂરની જન્મ શતાબ્દિ નિમિત્તે વડાપ્રધાન કપૂર પરિવારને મળ્યા હતા ત્યારે સૈફ અને કરીના પણ તેમની સાથે સામેલ હતાં. વડાપ્રધાને સૈફ અને કરીનાને તમારા સંતાનોને સાથે કેમ ન લાવ્યા તેવું પૂછ્યું હતું. રાઉતે લખ્યું છે કે ભાજપમાં લાલકૃષ્ણ અડવાણીજીની દશા શાહજહા જેવી જ છે. અડવાણીજી હિન્દુત્વવાદ અને રામમંદિર સહિતની બાબતોના શિલ્પકાર છે. એમણે હિન્દુત્વનું શિલ્પ ઉભું કર્યું એનાં બદલામાં તેમને એકાંતવાસ મળ્યો. શાહજહા જેવી બંદિવાન સ્થિતિમાં રહેતા અડવાણી વિશે કબર તોડવાની વાતો કરનારાએ ક્યારેય સવાલ ઉઠાવ્યો છે કે ક્યાં છે અડવાણી? એમને બંદિવાન દશામાં કેમ રાખવામાં આવ્યાં છે? એમ રાઉતે લખ્યું છે.

## અમદાવાદમાં બુલેટ ટ્રેનની કામગીરી વચ્ચે વટવામાં ક્રેન તૂટી પડી, જાણો કઈ-કઈ ટ્રેનો રદ-ડાઈવર્ટ કરાઈ



હાલમાં અમદાવાદ-મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવા માટે ઝડપથી કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે ગઈકાલે અમદાવાદના વટવા-રોપડા વિસ્તારમાં બુલેટ ટ્રેન માટે બ્રિજ ઊભા કરવાની કામગીરી વખતે અચાનક ક્રેન તૂટી પડતાં મોટી દુર્ઘટના સર્જાઈ. આ ઘટનામાં બે કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયાની માહિતી છે પરંતુ આ સિવાય કોઈ મોટી જાનહાનિના અહેવાલ નથી.બીજી બાજુ મળતી માહિતી અનુસાર બુલેટ ટ્રેનના પિલ્લર પર મૂકવામાં આવેલી ક્રેન અચાનક તૂટી પડી હતી. જેના કારણે નજીકમાંથી પસાર થતાં રેલવે ટ્રેકને નુકસાન થયું હતું જેના કારણે મુંબઈ-અમદાવાદ રુટ પર દોડતી અનેક ટ્રેનોની અવર-જવરને અસર થઈ હતી. માહિતી મુજબ ગત રાતે જ વડોદરાથી અમદાવાદ તરફ જતી ૧૦ જેટલી ટ્રેનો ખોરવાઈ ગઈ હતી. તેને વિવિધ સ્ટેશનોએ અટકાવી દેવામાં આવી હતી.

## દાહોદ મનરેગા કૌભાંડઃ ભ્રષ્ટ અધિકારીઓની મિલીભગત, મંત્રીપુત્રની એજન્સીને રૂ. ૨૫૦ કરોડ ચૂકવાયા ૨૫૦

ગરીબો-સ્થાનિક ગરીબોને રોજગારી મળી રહે તેવા ઉમદા હેતું સાથેની યોજના પણ હવે ભ્રષ્ટાચારી નેતાઓ માટે કમાણીની યોજના બની રહી છે. સત્તાના જોરે મંત્રીપુત્ર, પરિવારજનો અને ભ્રષ્ટ અધિકારીએ મીલીભગતથી દાહોદ જિલ્લામાં મનરેગા કૌભાંડ આચર્યું છે. જેમાં મંત્રીપુત્રની એજન્સીને ૧૦૦ કરોડ રૂપિયા નહીં, પરંતુ ૨૫૦ કરોડ રૂપિયા ચૂકવાયાં હોવાનો ઘટસ્ફોટ થયો છે. નવાઈની વાત તો એછે કે, સ્થળ પર કામો થયા નથી. તેમ છતાંય લાખો કરોડોના બિલો ચૂકવી દેવામાં આવ્યાં છે. આ સમગ્ર કૌભાંડની તપાસ માટે રાજ્ય સરકાર તપાસ કમિટીની રચના કરે તેવી માંગ ઊઠી છે. દાહોદ જિલ્લાના ધાનપુર અને દેવગઢ બારિયા તાલુકામાં મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજના હેઠળ તળાવ ઊંડા કરાયાં છે. આજ વિસ્તારમાં ગટર ઉપરાંત આરસીસીના માર્ગો, ચેકડેમ પણ બનાવાયા છે. નાણાંપચ અને એટીવીટી હેઠળ વિવિધ વિકાસના કામો કરવામાં આવ્યા છે. આ બધાય કામોનો રાજ કન્ટ્રકશનને આપવામાં આવ્યો છે. આ માનીતી એજન્સીના માલિક એક મંત્રીના પુત્ર છે. વર્ષ ૨૦૨૦થી માંડીને વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં રાજ કન્સ્ટ્રકશનના માલિક બળવંત ખાબડના ખાતામાં ૨૧૧ કરોડ રૂપિયા ચૂકવાયાં છે. જ્યારે હજુ ૨૦ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી છે. આ ઉપરાંત રાજ ટ્રેડર્સના ખાતામાં ૪૨ કરોડ રૂપિયાનું પણ ચુકવણુ થયુ છે.

## રાજ્યની ખાનગી કોલેજોમાં શિષ્યવૃતિ બંધ કરતા વિદ્યાર્થીઓ- વાલીઓની મુશ્કેલીમાં વધારો

ગુજરાત સરકારે ખાનગી કોલેજોમાં ભણતા બાળકોને શિષ્યવૃત્તિઓ બંધ કરવાની વાત કરી છે. જેના કારણે અનેક વિદ્યાર્થીઓના શિક્ષણ સામે પ્રશ્નાર્થ ખડા થયા છે. આવી જ ઘટના ગઈકાલે સુરત ખાતેની એક નર્સિંગ કોલેજમાં જોવા મળી હતી. જે એન ડી નર્સિંગ કોલેજ પીપલોદ, સુરત ખાતે નર્સિંગ કરતી વિદ્યાર્થીનીઓને ફ્રી શીપ કાર્ડ મારફતે શિષ્યવૃત્તિ ન મંજૂર થવા ને કારણે આ ખાનગી કોલેજમાં બીએસસી નર્સિંગમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના વાલીઓને કોલેજ દ્વારા બોલાવીને ફી ભરવા માટે જાણ કરી હતી અને જો ફી ભરવામાં ન આવે તો દીકરીઓનું એડમિશન રદ થશે તેમ જણાવતા દીકરીઓને ઘરે લઈ જવા માટે વાલીઓ મજબૂર થઈ ગયા છે. કોલેજ દ્વારા વાલી મિટિંગમાં વાલીઓને હવે શિષ્યવૃત્તિ નહીં મળતી હોવાના કારણે પુરેપુરા પૈસા ભરવા પડશે એમ જણાવવામાં આવ્યું છે. જેના કારણે જેમની આર્થિક પરિસ્થિતિ નબળી છે તેવા તમામ વાલીઓ પોતાની પોતાના સંતાનોને ઘરે લઈ જવા માટે મજબૂર થયા છે. સરકારની શિષ્યવૃત્તિ ન આપવાની આ નીતિના કારણે ખાનગી સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અધવચ્ચેથી ભણતર બગડવાનો વારો આવ્યો છે. આ બાબતે ગુજરાતના શિક્ષણ મંત્રીએ પણ સરકારની પોલીસી અંગે વાત કરતા કહ્યું હતું કે ફ્રી શિપ કાર્ડ મારફતે મળતી શિષ્યવૃત્તિઓ માત્ર સરકાર દ્વારા સંચાલિત સંસ્થાઓમાં જ મળવા પાત્ર છે.

## સરકારના વાંકે ગિરનારમાં મહિલા યાત્રિકો ક્ષોભજનક સ્થિતિમાં, પર્વત પર પાણીનો ભાવ ૭૦ થી ૮૦ રૂપિયા

ગરવા ગિરનારની યાત્રાએ દર વર્ષે લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ આવે છે. ગિરનાર પર પાયાની જરૂરિયાત એવા પાણી કે શૌચાલયની વ્યવસ્થા ન હોવાથી યાત્રિકો ભારે મુશ્કેલી ભોગવી રહ્યા છે. પાણી માટે પર્વત પર ૭૦થી ૮૦ રૂપિયા ભાવ બોલાઈ રહ્યો છે. હવે વેકેશનનો પ્રારંભ થઈ રહ્યો હોવાથી મોટી સંખ્યામાં ગિરનાર પર યાત્રિકો આવશે પરંતુ શૌચાલય ન હોવાથી મહિલાઓને લઘુશંકા માટે દરદર ભટકવું પડી રહ્યું છે. સારાં- સારાં ઘરની મહિલાઓને જંગલના વિસ્તારમાં લઘુશંકા માટે જવા મજબૂર થવાની વાસ્તવિકતા તંત્ર માટે શરમજનક છે.તંત્રએ ગિરનાર પર અંબાજી મંદિર નજીક શૌચાલય બનાવ્યા બાદ ધ્યાનમાં આવ્યું કે, પાણી પહોંચી શકે તેમ નથી તેના કારણે શૌચાલયને બંધ રાખવામાં આવ્યા છે. વેકેશનના સમયમાં દરરોજ સેંકડો યાત્રિકો ગિરનારની યાત્રાએ જાય છે. ગિરનાર પર ક્યાંય શૌચાલય ન હોવાથી મહિલાઓને મોટી મુશ્કેલી પડી રહી છે. પાણીની પણ વ્યવસ્થા ન હોવાથી ઉનાળાની કાળઝાળ ગરમીમાં પાણી વગર ભાવિકો પરેશાની ભોગવી રહ્યા છે. અંબાજી મંદિર આસપાસના વિસ્તારમાં એક પાણીની બોટલના ૭૦થી ૮૦ રૂપિયા દેવા ભાવિકો મજબૂર બની રહ્યા છે.તંત્ર દ્વારા ગિરનાર પર પાણી પહોંચાડવાના મોટા-મોટા દાવાઓ થઈ રહ્યા છે પરંતુ ગિરનાર પર આવતા યાત્રિકો પાણી-પાણી કરતા જાણે કે ટળવળતા જોવા મળે છે. ગિરનાર પર પ્લાસ્ટિક પ્રતિબંધ હોવાથી પાણીની મોટી મુશ્કેલી સર્જાઈ રહી છે. વધુ પૈસા દેવા છતાં ખુલ્લું પાણી પીવું પડે એ માટે યાત્રિકોનું મન માનતું નથી. છેલ્લા ઘણા દિવસોથી ગિરનાર પર મોટી સંખ્યામાં યાત્રિકોનો ધસારો જોવા મળી રહ્યો છે. ગિરનાર પર આવતા યાત્રિકોમાં સૌથી વધુ મહિલાઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મહિલાઓને લઘુશંકા જવા માટે આમતેમ ભટકવું પડે છે ત્યારબાદ અમુક વિસ્તારમાં જ જંગલમાં જઈ શકાય તેવી જગ્યા હોવાથી ત્યાં ખુલ્લામાં લઘુશંકા કરવા માટે મજબુર બનવું પડતું હોવાથી મહિલાઓમાં સરકાર અને વહીવટી તંત્ર પ્રત્યે ભારોભાર રોષની લાગણી જોવા મળતી હતી.

# તંત્રી લેખ.......

## ચીનના સસ્તા સામાન વિરુદ્ધ ભારતની કડક કાર્યવાહી

ભારતે ચીનથી આવતા સસ્તા સામાન વિરુદ્ધ કડક કાર્યવાહી કરી પાંચ વર્ષ માટે એન્ટી ડમ્પિંગ ડ્યુટી ઝીકવાનો નિર્ણય લીધો છે. ચીન સસ્તા ભાવે ભારતમાં એલ્યુમિનિયમ ફૉઈલ, વેક્યૂમ ફ્લાસ્ક, સૉફ્ટ ફેરાઈટ કોર્સ અને ટ્રાઈક્લોરો આઈસોસિનોરિક એસિડ પ્રોડક્ટ આયાત કરાતો હતો, જેના પર ભારતે આ શુલ્ક ઝીકી દીધો છે. ભારતે સ્ટીલ ઉદ્યોગની સતત માગને ધ્યાને રાખી તેમજ સ્થાનિક કંપનીઓને સસ્તી આયાતથી બચાવવા માટે આ પગલું ભર્યું હોવાનું કહેવાય છે. વાણિજ્ય મંત્રાલયના તપાસ એકમ ડ્ઘ્ર્ઈની ભલામણ બાદ ચીનની ચાર પ્રોડક્ટ પર શુલ્ક ઝીકાયો છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ પરોક્ષ કર અને કસ્ટમ્સ, મહેસૂલ વિભાગે અલગ સૂચનાઓમાં આ માહિતી આપી છે.કેન્દ્ર સરકારે કામચલાઉ ધોરણે એટલે કે છ મહિના માટે ચીનથી આયાત થતા એલ્યુમિનિયમ ફોઈલ પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લાદી છે. આ ઉપરાંત સરકારે ચીન-જાપાનથી આયાત થતા પ્રતિ ટન એસિડ પર ૨૭૬થી ૯૮૬ ડૉલરનો ડ્યુટી ઝીકી છે. ઉલ્લેખનીય છે કે, વિશ્વના તમામ દેશો વચ્ચે આયાત-નિકાસનો વેપાર થાય છે. સરકાર વેપારને સંતુલનમાં રાખવા માટે અવાર-નવાર આવા પગલા ભરતી હોય છે.ઓક્ટોબર-૨૦૨૪માં ભારતે સ્થાનિક કંપનીઓને ચીનમાંથી સસ્તી આયાતથી બચાવવા માટે પાંચ વર્ષ માટે ગ્લાસ મિરર્સ અને સેલોફેન ટ્રાન્સપરન્ટ ફિલ્મો સહિત પાંચ ચીની પ્રોડક્ટ્સ પર એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટી લાદી હતી.

## બલૂચિસ્તાનમાં શાંતિપૂર્ણ દેખાવો કરી રહેલા દેખાવકારો પર પાક. સૈન્યનો અત્યાચાર, મહરંગ બલોચ સહિત સેંકડોની ધરપકડ

બલૂચિસ્તાન,

બલોચ આર્મી સામે નિસફળ પાકિસ્તાન સૈન્યે હવે કોઈ પણ પ્રકારનું કૃત્ય કરી રહી કે જેમાં, બલૂચિસ્તાનમાં બીએનએમ અને બીએસએ જેવા સંગઠનો અનેક સ્થળો પર પાકિસ્તાન સરકાર અને પાકિસ્તાની સૈન્ય વિરુદ્ધ ધરણાં-દેખાવો કરી રહ્યા છે ત્યારે પાકિસ્તાની સૈન્યે શનિવારે સવારે મહિલા અને બાળકો સહિત દેખાવકારો પર લાઠીચાર્જ અને ગોળીબાર કર્યો હતો, જેને પગલે કેટલાક લોકોનાં મોત નીપજ્યાં હતાં. જોકે, તેની વિગતો મળી શકી નથી. વધુમાં પાકિસ્તાની સૈન્યે બલોચ આંદોલનનો ચહેરો ડૉ. મહરંગ બલોચ સહિત સેંકડો લોકોની ધરપકડ કરી હતી. બલોચ યકજેહતી કમિટિ (બીવાયસી)એ તેની સેન્ટ્રલ કમિટિના સભ્ય બેબર્ગ, તેમના ભાઈ હમ્માલ, ડૉ. ઈલિયાસ, બલોચ મહિલા સઈદા અને અન્ય અનેક લોકોની મુક્તિની માગ અંગે ગઈકાલે ક્વેટામાં ધરણાં કરવાના પ્રયત્ન કર્યા હતા. પરંતુ પોલીસના હુમલા પછી તેમના દેખાવો હિંસક બની ગયા હતા. પાકિસ્તાની પોલીસે શાંતિપૂર્વક દેખાવો કરતા લોકો પર ભારે અત્યાચાર ગુજારતા મહિલા બલોચ નેતા મહરંગ બલોચે સમગ્ર બલૂચિસ્તાન બંધની હાકલ કરી હતી, જેને પગલે શનિવારે સવારથી જ બલૂચિસ્તાનમાં ઠેર ઠેર સજ્જડ બંધ પાળવામાં આવ્યો હતો.

આ મામલે મહરંગ બલોચે એક્સ પર એક વીડિયો મેસેજમાં પાકિસ્તાની સુરક્ષા દળો પર ક્વેટામાં શાંતિપૂર્ણ રીતે ધરણાં દેખાવો કરી રહેલા બલોચ કાર્યકરો પર ગોળીઓ ચલાવવાનો ગંભીર આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું કે, શરૂઆતથી જ પાકિસ્તાન સરકારે અમારા ધરણાં દેખાવોનો જવાબ હિંસક અને અત્યાચારથી આપ્યો છે.

મહરંગે આરોપ લગાવ્યો હતો કે, રાજ્યના સુરક્ષા દળોએ બલોચ દેખાવકારો પર લાઠીચાર્જ કર્યો, અશ્રુવાયુના શેલ છોડયા અને સામુહિક ધરપકડો કરી. તેણે નેટવર્ક બંધ કરી દીધા છે. તેમણે કહ્યું હતું કે, 'બલોચ સોલિડેરિટી કમિટી પાકિસ્તાન સરકારના અત્યાચાર અને આતંકવાદ વિરુદ્ધ સમગ્ર બલૂચિસ્તાન બંધની જાહેરાત કરે છે.શનિવારે બલૂચિસ્તાનમાં બંધ અને ચક્કાજામ થશે.' પાકિસ્તાની સૈન્યે બલોચ મહિલા, બાળકો અને શાંતિપૂર્ણ દેખાવકારો પર હિંસા કરી હતી. પાકિસ્તાની સૈન્યે તેમના હુમલામાં માર્યા ગયેલા દેખાવકારોના જનાજાની નમાજની યોજના બનાવાતી હતી તેવા સમયે તેમના મૃતદેહો પર કબજો કરી લીધો હતો. આ સાથે પાકિસ્તાની સૈન્ય મહરંગ બલોચ સહિત અનેક અન્ય બલોચ કાર્યકરોને ધરણાં સ્થળ પરથી ઉઠાવી ગયું હતું અને તેમની ધરપકડ કરી લીધી હતી. ત્યાર પછી દેખાવકારોએ આક્ષેપ કર્યો છે કે પાકિસ્તાની સૈન્ય મહરંગ બલોચની ધરપકડ કરીને લઈ ગયા પછી તેમને ગાયબ કરી દેવાયા છે. તેમને ક્યાં લઈ જવાયા છે તેની કોઈ માહિતી જાહેર કરાઈ નથી.

## ઇઝરાયલે લેબનોનમાં જોરદાર વળતો હુમલો કર્યો; રાજધાની જેરુસલેમ સાયરનના જોરદાર અવાજથી ગુંજી ઉઠી

જેરુસલેમ,

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કાત્ઝેના આદેશ પર ઈઝરાયલી સેનાએ લેબનોનમાં ડઝનબંધ આતંકવાદી ઠેકાણાઓ સામે કડક કાર્યવાહીના ભાગરૂપે શનિવારે વહેલી સવારે લેબનોનમાં જોરદાર હવાઈ હુમલો કર્યો હતો આ જવાબી હુમલામાં લેબનોનમાં અનેક સ્થળોએ ભીષણ આગની ઘટના પણ બની હતી.

આ બાબતે ઈઝરાયલી સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ×શનિવારે સવારે ઈઝરાયલ પર રોકેટ ફાયરિંગના જવાબમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કાત્ઝે લેબનોનમાં ડઝનબંધ આતંકવાદી ઠેકાણાઓ સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે. ઈઝરાયલ તેના નાગરિકો અને તેના સાર્વભૌમત્વને કોઈ નુકસાન પહોંચાડવા દેશે નહીં. અમે જાણીએ છીએ કે અમારી સુરક્ષા કેવી રીતે સુનિશ્ચિત કરવી.× આ પહેલા યમનથી ઈઝરાયલી શહેર જેરુસલેમ પર પણ મિસાઈલો છોડવામાં આવી હતી. ઈઝરાયલે દાવો કર્યો હતો કે તેણે તેના પ્રદેશ સુધી પહોંચતા પહેલા તેને રોકી દીધું હતું. યમનના હુથી બળવાખોરોએ આ હુમલાઓની જવાબદારી સ્વીકારી છે.

ઈઝરાયલની રાજધાની જેરુસલેમ સાયરનના જોરદાર અવાજથી ગુંજી ઉઠી. સાયરન વાગતાની સાથે જ લોકો સલામત સ્થળની શોધમાં શેરીઓ અને દુકાનોમાંથી દોડવા લાગ્યા. ઈઝરાયલી સેનાએ દાવો કર્યો હતો કે તેમણે મિસાઈલ હુમલાઓ તેમના વિસ્તારમાં પહોંચે તે પહેલાં જ અટકાવી દીધા હતા.

# રાજુ રદીને ફિલ્મમાં કયો રોલ મળ્યો??

ગિરધરલાલ, મોં મીઠું કરો.' રાજુએ મને કાજુ કતરીના પેકેટમાંથી બે ચાર કાજુ કતરી મારા મોઢામાં ઠુંસી દીધા. કાજુકતરી ગળે ઉતારતા ઓતરાશ આવી ગઈ. મે ખાંસી પર ખાંસી ખાધી.

' રાજુભાઇ શેની મિઠાઇ છે? તમે ડાળે વળગ્યા એની મિઠાઇ છે? ' રાધારાણીએ રાજુની દુખતી રગ પર હાથ મુકયો.

' શું તમે પણ ભાભી લગ્ન સિવાય બીજા ઘણા કામ દુનિયામાં છે.' રાજુએ એરંડિયું પીધું હોય તેવું કટાણું મોં કરી ઉતરેલ કઢી જેવો જવાબ આપ્યો.

' રાજુ શું વાત છે? કાજુ કતરીનુ આખું પેકેટ અમને આપે છે તો તોતિંગ સરપ્રાઇઝ હશે, ખરૂંને?' મે રાજુનો ખભ્ભો થાબડી હરખ વ્યક્ત કર્યો.

' ગિરધરલાલ આઈ એમ સો એકસાઈટેડ' રાજુ રદી મારા ધરે આવ્યો . રાજુએ સોડોવોટરની જેમ લાગણીનો ઉભરો ઠાલવ્યો . મને પકડીને ગોળ ગોળ ઘુમાવ્યો. મને આવેશથી જોરદાર ભટયો. મને લાગ્યું કે મારી એકબે પાંસળીઓ તૂટી ગઇ હશે.

' રાજુ મને છોડ. મને વર્ટિગોની બિમારી છે. મને શ્વાસ લેવા દે.' મે હાંફતા હાંફતા રાજુને રિકવેસ્ટ કરી.

' ગિરધરલાલ, ખબર એવી છે કે તમે હલી જશો.' રાજુએ વાતમાં મોણ નાંખ્યું.

' રાજુ જે વાત હોય એ કહી દે. વાતવાતમાં વગદા ન કર. 'મે રાજુને ચેતવણી આપી.

' ગિરધરલાલ, મારી જીંદગીનું મહાન સ્વપ્ન પૂરું થયું. હવે હું સડસડાટ પ્રગતિ કરીશ. હું પાછું વળીને જોઇશ નહીં મારી કેરિયરને પાંખ લાગી જશે. તમે ય કહેશો કે રાજુ તુમ તો સાબ બન ગયા.'રાજુના શબ્દે શબ્દે ઉમળકો અમે સ્વપ્ન પારિજાતના પુષ્પોની માફકા સરકતા હતા. જીંદગી થોડા આંસુને ઝાંઝા હરખના ફૂલ છે. જો કે અતિમહત્વકાક્ષા ભલભલાને ધૂળ ચાટતા અને ફાંકતા કરી નાંખે છે તે અલગ વાત છે.

' રાજુ, તારી પ્રસ્તાવના સંપન્ન થઇ હોય તો મૂળ વાત કર.' મે રાજુ સમક્ષ ધ્યાનાકર્ષક પ્રસ્તાવ રજૂ કર્યો.

' ગિરધરલાલ અને ભાભી મને હિન્દી ફિલ્મમાં મોટો રેલ મળી ગયો છે. મારી હીરોઇન કુંભમેળામાં માળા વેચીને ચર્ચાના ચાકડે ચડેલ નીલી આંખોવાળી મોનાલીસા છે. યશરાજનું બેનર છે.કિરણરાવ દિગ્દર્શક છે. જતિન લલિતનું મ્યુઝિક અને જાવેદ અખ્તરના સંવાદો છે.' જૂના એકાએક પૂર્જા ઢીલા હતા અને લગીરે સીધા ટટાર ખડા રહી શકતા ન હતા તેવા દેવાનંદની જેમ  રાજુ ઝૂલતો હતો.

હરેક વ્યક્તિનું ખ્વાબ કચકડામાં કંડારાઇને થિયેટરના પર્દે રજૂ થવાનું હોય છે. મુંબઇ માયાવી નગરી છે. સ્વપ્ન પૂર્તિ માટે ઘણા લોકો મુંબઈની વાંચ પકડે છે. સ્ટ્રગલ કરે છે. નાની મોટી ભૂમિકા કરે છે. પછી ઓળખાણ વગરનો એકસ્ટ્રા કલાકાર બની રહે છે. સ્વપ્ન સેવના એ અલગ વાત છે. સ્વપ્ન સિધ્ધિ માટે ઝઝુમવું એ અલગ વાત છે. સ્વપ્નભંગ થાય ત્યારે તૂટેલા સ્વપ્નની કરતો આંતરિક અને બાહ્ય લોહીલુહાણ કરી દે છે.

રાજુ રદી કોલેજથી તખ્તા પર અભિનયના અજવાળા પાથરતો હતો.રાજુએ એનએફએસડીમાંથી ડીગ્રી લીધેલ. નાટકનો લાંબો અનુભવ . તે મેથડ એકટર હતો.ઈપ્ટા અને આઈએનટીના એકાંકી કરતો હતો. અર્બન ગુજરાતી ફિલ્મોમાં પણ રોલ કરવા ઓડિશન આપતો હતો . પણ ક્યાંય ફાઇનલ સિલેકશન થતું ન હતું. તમે રણજી ટ્રોફીમા છસો વિકેટો લો કે ત્રીસ હજાર રન કરો અને ઈનિડિયન ક્રિકેટમાં રમવાની ડેબ્યુ કેપ ન મળે તો દિલને કેવી ચરચરાટી થાય? તેવી રાજુની સ્થિતિ હતી.

રાજુને મોટા બેનરની ફિલ્મ મળે તો મને તો આનંદ થાય જ ને? અમે કોલર ઉંચો કરીને કહીએ કે મિલિનિયમ સ્ટાર આર કુમાર અમારી ૫ ના ના અમે આર કુમાર સાથે બખડજંતર ચેનલના બધાની સાથે લમણા લેતા હતા.રાજુને એવો રોલ મળેલો કે ફિલ્મનો પ્રથમ શોટ રાજુ પર ફિલ્માવવાનો હતો.રાજુ હવે લઘરવઘર કેવી રીતે રહી શકે?રાજુએ થ્રી પીસ સૂટ ઠઠાડવાનું ચાલું કરેલ. બેન્ડ વાજાવાળાએ સૂટ પહેર્યો હોય .પરંતુ, પગમાં શુઝને બદલે હવાઇ સ્લિપર પહેરેલી હોય.રાજુએ તેના ખર્ચે ડાયરેટકને કરગરીને તેના શૂટીંગના સમયે મને,રાધારાણી અને બખડજંતના સર્વેસર્વા બાબુલાલને હાજર રહેવાની પરમિશન અને પાસ માંગી લીધેલા

અમે  સ્ટુડિયો પહોંચી ગયા. અમારી પાસે વેલિડ પાસ હતા એટલે દરવાને સલામ ઠોકી અમને એન્ટ્રી આપી. આપણ કદી ફિલ્મોના શૂટીંગ કર્યા હોય નહીં અને શૂટીંગ જોયા હોય નહીં એટલે બાધી નજરે ચકળવકળ દ્રષ્ટિએ બધું જોવાનું હોય. કેમેરા ટ્રોલી પર હોય કે ડિરેક્ટર ખાસ પ્લેટફોરમમાં બેસીને ફિલ્મનું શૂટીંગ કરતા હોય તેની ખબર ન હોય.  ક્લેપર લોડર , જે ક્લેપરબોર્ડ સાથે કેમેરાની સામે પહેલેથી જ છે , "માર્કર!" કહે છે અને તેને બંધ કરી દે છે.ફિલ્મ શૂટીંગની શરૂઆતમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર પિકચર ચાલુ છે એમ મોટેથી બોલે એટલે ટેક રેકોર્ડ થવાનો છે તેની સૌને ખબર પડે.પછી રોલ સાઉન્ડ કહે. પછી રોલ કેમેરાનો આદેશ કરે.એકશન બેક ગ્રાઉન્ડ અને એકશન એમ બૂમ મારવામાં આવે. છેલ્લે શૂટ પૂરું થાય કે ડિરેક્ટર કટ નો આર્ડર આપે. એટલે શૂટિંગ પૂરુ થાય. જરૂર જણાય તો રીટેક થાય. એકાદ એકસ્ટ્રા કલાકારે એમને સમજાવ્યું.

અમે લાંબે લાંબે નજર દોડાવી. એક બેડ પર સફેદ કપડાંમાં લપેટાયેલ કોઇ વ્યક્તિ સૂતેલ. તેના શરીર પર કેમેરો ફોકસ કરેલ . એક કલેપ બોયે કહ્યું કે ફિલ્મનો આ પહેલો સીન છે. રાજુ રદીનો દાવો સાચો હતો. અમે રાજુને પ્રોત્સાહિત કરવા ચિયરઅપ કર્યું. એકાદ સિકયોરીટી અમને શૂટીંગમાં ખલ્લ ન પહોંચાડવા વૉર્નિંગ આપી.

આ પિકચરનો પહેલો શોટ એટલે પહેલું દ્રશ્ય. મડદા તરીકે જેને સૂવડાવેલો તે ચાલુ શૂટીંગે છીંક ખાવા માંડે. મરેલો માણસ કંઇ છીંક ખાય?એટલે રીટેઇક લે. જયાં સિન પરફેકટ થાય કે બેડ પર રહેલી કીડી ચટકો ભરે મૃતદેહ કોઇ વ્યક્તિ છેલ્લો શ્વાસ લે અને શરીરમાં આંચકો આવે અને ખેલ તમામ થાય તેમ મૃતદેહનો હાથ જયા કીડી કરડી હોય તે ભાગ વલૂરવા માંડે. મૃતદેહ હાઇપર થઇને હલહલ કરે તો શૂટીંગ આગળ કેવી રીતે વધે? એટલે ડિરેકટરે તમામ મૃતદેહને ફિલ્મમાંથી કાયમ માટે પડતા મુકયા. એમાં એક આપણો રાજુ રદી પણ હતો.

યુ મિન રાજુ રદીને ડેબ્યુ ફિલ્મનાં ડેડબોડીનો રોલ મળેલો? શું કહ્યું રાજુ રદીને ડેડબોડીનો સોલો રોડ મળેલો નહીં. રાજુ રદી સાથે બીજી ૯,૯૯,૯૯૯ એકટરોને પણ ડેડ બોડીનો ઈન્ટ્રેસ્ટિંગ અને એકસાઈટિંગ રોલ મળેલો એમ કાસ્ટિંગ ડિરેકટરનું કહેવું છે?'

રાજુ રદીને પછી તો ડેડ બોડીના ઢગલાબંધ રોલ ઓફર થયા છે અને રાજુ રદી ડેડબોડીના રોલ પણ જાનદાર કરે છે.

ભરત વૈષ્ણવ

## આહવા જનરલ હોસ્પિટલમાં "ટીબી મુક્ત ગ્રામ પંચાયત" કાર્યક્રમ યોજાયો



આહવા-ડાંગ

આજરોજ "૨૪ મી માર્ચ, વિશ્વ ક્ષય દિવસ'' નિમિત્તે ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઇનના અધ્યક્ષ સ્થાને જિલ્લાની જનરલ હોસ્પિટલ આહવા ખાતે ડાંગ જિલ્લાના આહવા, વઘઇ અને સુબીર તાલુકાની કુલ ૪૧ ગ્રામ પંચાયતોને ''ટીબી મુક્ત ગ્રામ પંચાયત'' કાર્યક્રમ અંતર્ગત બ્રોન્ઝ અને સિલ્વર મેડલથી સન્માનિત કરવામાં આવી હતી. જેમાં ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓને મોમેન્ટો તથા સર્ટીફીકેટ એનાયત કરાયાં હતાં.

પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લામાં આજ દિન સુધી સારવાર પર મુકાયેલ કુલ ૪૮૧ ટીબીના દર્દીઓને કુલ ૬૬ નિક્ષયમિત્ર દ્વારા કુલ ૧૯૭૬ જેટલી અનાજની કીટ પુરી પાડવામાં આવેલ છે. જેના કારણે જિલ્લામાં ટીબીના દર્દીઓને સારવાર પુર્ણ કરાવવાના સારા પરિણામો મેળવી શકેલ છે તેમ ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઇને પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું.

આ પ્રસંગે આહવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી સુરેશભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે, દેશના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્ન છે કે વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારત ટીબી મુક્ત દેશ બને તે માટે દરેક લોકો દેશને સ્વસ્થ બનાવવામાં પોતાની ભાગીદારી નોંધાવે જે માટે લોકો અધંશ્રધ્ધાથી દુર રહીને પહેલાં હોસ્પિટલમાં સારવાર માટે જાય તે જરૂરી છે. સરકાર ટીબીના દર્દીઓને સારવાર પુરી પાડવાં આર્થીક સહાય પણ કરે છે ત્યારે સૌએ જાગૃત બની ટીબી મુક્ત ભારત બનાવવા પોતાની ભાગીદારી નોંધાવી જરૂરી છે. દરેક લોકોને "ટીબી હારેગા દેશ જીતેગા" ને સુત્ર સાર્થક બનાવવાની સાથે સ્વસ્થ સમાજનું નિર્માણ કરવાનું આહવાન શ્રી ચૌધરીએ કર્યું હતું.

ભૂતકાળમાં ટીબી રોગને રાજરોગ ગણવામાં આવતો હતો તેનું નિદાન અને સારવાર પણ ખુબ મુશ્કેલ હતી. પરંતુ રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન જેવા કાર્યક્રમના પરિણામે ટીબીને હરાવવો શક્ય બન્યો છે. તમામ સરકારી આરોગ્ય કેન્દ્રો ખાતે ટીબીનું નિદાન અને સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે. ટી.બી. એ રાજરોગ કે મહારોગ નહીં પરંતુ મટી શકે તેવો રોગ છે. તેમ અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હિમાંશુ ગામીતે પોતાના પ્રાસંગિક વકતવ્યમાં જણાવ્યું હતું.

મફત અને ગુણવત્તા યુક્ત નિદાન અને સારવાર ઉપરાંત વધારાના પોષણ માટે ની ''ક્ષય પોષણ'' યોજના અંતર્ગત સરકાર શ્રી દ્વારા ટીબીના દરેક દર્દીને જ્યાં સુધી સારવાર ચાલુ રહે ત્યાં સુધી દર મહીને તેમના બેંક એકાઉન્ટમાં રૂપિયા ૧૦૦૦ પ્રતિ માસ સીધા જ ચુકવવાની જોગવાઈ કરેલી છે. રોગ પ્રતિકારક શક્તિ વધારવાના આ પ્રયાસને વેગવાન બનાવવા પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત દેશનો કોઈ પણ નાગરિક, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ કે ઉદ્યોગગૃહો વગેરે યથા શક્તિ આવા દર્દીને રાશન કીટ દર મહીને સમર્પિત કરી નિક્ષય મિત્ર તરીકે આ મહાયજ્ઞમાં સહભાગી બને છે.

આ કાર્યક્રમમાં ડાંગ જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી મયનાબેન બાગુલ, તેમજ જિલ્લા સદસ્ય શ્રીમતી બીબીબેન ચૌધરી, શ્રીમતી નિલમબેન ચૌધરી, સહિત આહવા જનરલ હોસ્પિટલના અધિક્ષકશ્રી ડો.મિતેશ કુનભી, જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડો.બિનેશ ગામિત, તાલુકા આરોગ્ય અધિકારી સર્વેશ્રી ડો.સ્વાતી પવાર, ડો.અનુરાધા ગામિત, ડો.નિલકેતુ પટેલ સહિતના આરોગ્ય કર્મીઓ તેમજ જુદાં જુદાં ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## ના ન પાડને !

હંમેશા બધી વાતમાં હા પાડનારી મારી વહાલી મમ્મી આજે જીદે ચડી હતી. કોઈ વાતે માનવાને તૈયાર ન હતી. સુહાની હારી થાકીને ખાટલામાં ઉંધે મોઢે પડી રડી રહી હતી.

મમ્મીના પેટનું પાણી પણ હાલતું ન હતું. પપ્પા હજુ ઓફિસથી આવ્યા ન હતા. પપ્પા ઘરમાં ન આવે ત્યાં સુધી, સુહાની રૂમ બહાર નહી આવે, તેવું મનમાં વિચારી રહી. આજે તેને રડવાનો થાક લાગ્યો. રડવાની બહુ આદત ન હતી. રડે પણ શાને માટે. મમ્મી તેમજ પપ્પા કોઈ વાતની ના પાડતા નહી.

સુહાનીનું વર્તન ખૂબ સુંદર હતું. આજે એવું તો શું બનાઈ ગયું કે મમ્મી હા પાડતી ન હતી. આખરે સુહાની થાકી. ક્યારે તેની આંખ બંધ થઈ ગઈ અને સપનની દુનિયામાં પ્રવેશી ગઈ. જુવાનીમાં સ્વપના પણ એના આવે જેને આપણે ખૂબ પ્રેમ કરતા હોઈએ . સ્વાનામાં ગુલતાન સુહાની પપ્પા બારણું ખટખટાવતા રહ્યા હતા તે સાંભળી ન શકી .

'સુહાની, સુહાની બેટા' પપ્પાની રાડ સાંભળી સુહાની ઉભી થઈ અને બારણું ખોલ્યું.

'શું પપ્પા આટલી મોટેથી રાડ પાડવાની' ? મારું સ્વપનું ભંગ થઈ ગયું.

'વાહ ઉપરથી ચોર કોટવાલને ડંડે'. ક્યારનો બારણું ખટખટાવું છું. આવીને જો ટેબલ પર જમવાની થાળી ઠંડી થઈ ગઈ. '

'માફ કરજો પપ્પા તમને હેરાન કર્યા.' મમ્મીની સામે જોયું પણ નહી. મમ્મીએ પપ્પાને આવતાની સાથે વાત સમજાવી હતી. બાપ દીકરી મોજથી જમી રહ્યા હતા. મમ્મી ગરમ રોટલી બનાવી બંનેને પ્રેમથી પિરસતી હતી. સુહાની ખાતી હતી મસ્તીથી પણ મમ્મીની સામે જોતી નહી.

છેલ્લી રોટલી લઈ મમ્મી ટેબલ પર જમવા બેઠી. જેવી મમ્મી બેઠીકે સુહાની, 'મારું પેટ ભરાઈ ગયું કહીને ઊભી થઈ ગઈ. મમ્મી અને પપ્પા બંને કંઇ પણ બોલ્યા વગર જમી રહ્યા.

પપ્પા જમીને બહાર વરંડામાં આવ્યા. મમ્મી બાઈને કામ બતાવી રહી હતી.

'પપ્પા, હું મમ્મી સાથે નથી બોલવાની' ?

'શું થયું કે તો ખરી"?

'પપ્પા, મમ્મી મને હા નથી પાડતી'

'શાને માટે, કહે તો ખબર પડે'.

'પપ્પા, તમે મમ્મીને જ પૂછી જુઓને' !

'મારે તારે મોઢેથી સાંભળવું છે. મમ્મીને કદાચ બધું બરાબર યાદ ન હોય .'

'પપ્પા, તમે કોઈ દિવસ પિકનિક પર જવાની ના પાડી નથી. આ વખતે અમે સહુ જાપાન જવાનું નક્કી કર્યું છે. માત્ર પંદર દિવસ માટે. આમારા વર્ગના ૧૦ છોકરાઓ અને ૧૫ છોકરીઓ. કોલેજનું છેલ્લું વર્ષ છે. મમ્મી હા પાડતી નથી'.

'બેટા તું ઓળખે છે તારી મમ્મીને. ના પાડવા પાછળનું કોઈ કારણ જરુર હશે. '

'પપ્પા હવે હું કાંઈ નાની નથી. મને બધી સમજ પડે છે. '

'હા, બેટા તારા પર વિશ્વાસ છે. કિંતુ તારા વર્ગના તારા બધા મિત્રો પર વિશ્વાસ કરવો યોગ્ય લાગતો નથી. કારણ તો તને પણ ખબર છે. જો તારે જાપાન જવું હોય તો પરીક્ષા પછી આપણે ત્રણ સાથે ફરી આવીશું. હવે સુહાની શું બોલે ! પપ્પા પણ મમ્મીની ગાડીમાં બેસી ગયા હતા.

બે દિવસ મોઢું ચડાવીને ફરી. પછી સમજી ગઈ ,દાળ નહી ગળે,એટલે સીધી થઈ ગઈ. બધા મિત્રો ફરીને પાછા આવી ગયા. ફરવાની મજા આવી. એવી વાતો સાંભળી સુહાની દુખી થતી.

બે મહિના પછી ખબર પડી, ત્રણ છોકરીઓ 'મા' બનવાની હતી.

સુહાની છળી મરી !

ન્યૂઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 223**
વિષય :- મુસીબત
શીર્ષક :- ના રહે મુસીબત
પ્રકાર :- પદ્ય શબ્દ :- ૧૩૭

એક તો આ યુગમાં જીવવું એ જ મુસીબત,
એમાં તંત્રીશ્રી કહે કવિ લખો કવિતા શીર્ષક મુસીબત.

અમે તો કાવ્ય શરણાઈના તમારા ફળિયાના વાદક,
તમે કહો કે સાંબેલુ વગાડો કવિ એ જ છે મુસીબત.

ગયું પતંગિયા સમ બચપણ, યુવાની આવી એવી જ ગઈ;
પ્રૌઢા અવસ્થામાં માંડ સ્થિર ત્યાં તો વૃદ્ધાવસ્થા બની મુસીબત.

યુવાનીમાં આઝાદ એકલા પણ કહે બધા કુંવારા એ મુસીબત,
વાજતે ગાજતે ઘોડી ચડી બન્યા ગૃહસ્થ પણ ગઈ આઝાદી એ મુસીબત.

બહાર બધે શોર ગભરાટ એ.આઈ. આવી છે એ મુસીબત,
અંદર ઘરમાં બાળકોની એ.આઈ. સર્વજ્ઞ એ મુસીબત.

વર્તમાન વિશ્વયુદ્ધો તરફ જતી દુનિયા માનવજાતની મુસીબત,
સત્તાલોભી, ખુરશીપ્રેમી નેતા બને છે જનતાની મુસીબત.

સંસારી દુવિધા સદા, ના માયા મિલી ના મિલા રામ;
સદા સ્નેહ ભક્તિ સમર્પણ શ્યામનું તો ના રહે મુસીબત.

દેવેન્દ્ર આચાર્ય

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO: 376***
વિષયઃ મુસીબત★
શીર્ષકઃ મુસીબત એક હકીકત★
પ્રકાર : પદ્ય. શબ્દોઃ ૮૯★

એકની એક અવનિમાં હકીકત છે,
માનવીએ જુદી જુદી મુસીબત છે.

ક્યાંક સરવાળો, ક્યાંક બાદબાકી,
ક્યાંક ઉંચે આભ ને કયાંક છત છે.

છે ગ્રીષ્મનો ગરમાળો ક્યાંક માળો,
કયાંક મળે મિલકત ક્યાંક અછત છે.

ક્યાંક છે તડકો, ક્યાંક છે છાંયડો,
ક્યાંક સુખ ને દુઃખની મુસીબત છે.

ક્યાંક થાય રમત ક્યાંક થાય ગમ્મત
ક્યાંક મુસીબતની પણ મુસીબત છે.

આવે મુસીબત તો આવકારો અપેક્ષા,
સ્વાગત કરો એ "શ્રીજી"ની અંગત છે.

અપેક્ષા શાહ "શ્રીજી".અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SSO NO:229**
વિષયઃ મુસીબત
શિર્ષકઃઆથાક પરિશ્રમે ઉત્તમ ઉકેલ
પ્રકાર. : પદ્ય. શબ્દોઃ ૩૦૦

ઈશ્વરે સર્જેલી આ અનુપમ સૃષ્ટિમાં જેમ સુખ સાથે દુઃખની ભેટ પ્રભુએ આપેલ છે તો તેની જોડે સુખ શાંતિ અને સુખ વૈભવ સાથે એક યા બીજી મુસીબતો પણ નિર્માણ કરેલ છે. મુસીબત એટલે તકલીફ, મુશ્કેલી, દુઃખનો માહોલ અને ગમગીનીની પરિસ્થિતિ જે તરત ગમે તેને વિહવળ કરી નાખે છે.

જોકે મુસીબતને ગણો તો તકલીફ નહીં તો ખાસ નહીં પણ થોડા સમય માટે ગમગીનીનો સમય આપણને અકળાવી નાખે છે. પ્રભુએ દુઃખ દુઃખની સાથે સુખની રચનાનું ટાઈમટેબલ એક પછી એક નિર્માણ કરેલું જ છે .જેમ સદાય રાત નથી રહેતી, સવાર પડે જ છે તે જ રીતે મુસીબતોમાં પણ ભલે અકળાઈ જવાય પરંતુ સવાર પડતા જ ખુશીનો માહોલ છવાઈ જાય છે.

અલબત્ત મુશ્કેલી જો ખૂબ મોટી હોય તો સામાન્ય માણસને અંદરથી અને બહારની બાજુએ તોડફોડ કરીને મૂંઝવી નાખે છે. પરંતુ હિંમત હાર્યા વિના સામાન્ય સંજોગોમાં નોર્મલ દિનચર્યા કરી અને વ્યાજબી વર્તન સાથે પ્રયત્નોમાં અડગ રહેનાર વિજય જ નિવડે છે.એટલે સ્વચ્છતા પૂર્વક કર્મયોગ કર્યા કરનારને કોઈ મુસીબત હરાવી શકતી નથી.

જ્યારે કોઈ મુસીબત એવી આવે કે,ઘરનો મોભ તૂટી જાય તો તે ઘર ઉપર હિમાલય નો પહાડ તૂટી પડ્યો હોય તેવું કહેવાય છે.પરંતુ મજબૂત મનથી કર્મયોગ કરી સમયનો સદુપયોગ કરવાથી ઊપ્ત સંજોગોમાંથી પણ ઉકેલ શોધી શકાય છે.કરોળિયાને દિવાલ ઉપર ઘર બનાવવું હોય તો અગ્નિત વાર ઉંચેથી નીચે પછડાવું પડે છે. પણ તે નાસીપાસ થયા વિના આખરે ઘર બનાવીને જ જંપે છે.

ખરેખર ભક્તોની મુસીબતોમાં પણ સાચા ભાવ-ભક્તિથી કર્મયોગ કરનારની સેવા કરવા ભગવાને ખુદ આવ્યા ના દાખલા ધાર્મિક ઈતિહાસમાં અનેક છે. દાખલા તરીકે કુંવરબાઈનું મામેરુ અને મીરાબાઈના ઝેરનો કટોરો પીધા નો પ્રસંગ - કૃષ્ણનો ભક્તોની મુસીબતો માંથી ઉગારવાનો કાનુડાએ પ્રયાસ કર્યો છે.

આમ મુસીબતમાં ગભરાયા વિના અથાક પરિશ્રમ યોગ્ય રીતે કરનારને તેમાં વિજય પ્રાપ્ત થાય છે.માટે તો સત્યમેવ જયતે અને નિષ્કામ કર્મયોગઅને હાર પછી જીતનો સિલસિલો વિશ્વની ઉત્પત્તિથી ચાલ્યા કર્યો છે.

★લેખક -" પ્રપાશી" પરેશ મ. પાઠક.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 334**
વિષયઃ-મુસીબત
શીર્ષક : પરીક્ષા
પ્રકારઃ-ગદ્ય. શબ્દોઃ- ૨૩૭

"બેટા, શાંતિથી રૂમમાં બેસીને તારી પરીક્ષાની તૈયારી કર. તારા માટે થોડીવારમાં જ્યુસ બનાવીને મોકલું છું. "
"મમ્મી થોડો નાસ્તો પણ મોકલજે. "એમ કહી વિરાજ તો સીધો રૂમ બંધ કરી લેપટોપ પર ગેમ રમવા લાગ્યો.
એ એની મમ્મી મીરાંને ખબર જ ન હતી.એને તો બસ એનો વિરાજ બારમા ધોરણની તૈયારી કરે છે.એવી જ ખબર.
"સુમી આ લે વિરાજને માટે જ્યુસ આપી આવ."
"લાવો બેન આપી આવું."
"સુમી તારો દીકરો પણ બારમાની પરીક્ષા આપવાનો છે ને...!"
હા બેન ...
"કેવી તૈયારી છે?"
"એ તો એની રીતે ભણે છે. "
"એ ટ્યુશન જાય છે?"
"ના બેન મને ઘર ચલાવવા માટે કેટલી બધી મુસીબત પડે છે તો એનાં ટ્યુશનનાં પૈસા ક્યાંથી લાવું?"
"હા આમ પણ તારે ક્યાં એને ભણાવી ગણાવીને મોટો સાહેબ બનાવવાનો છે.એને પણ તારી જેમ મળી રહેશે એનાં જેવું કામ..!
મીરાંબેનનાં આ શબ્દો સાંભળી સુમીને ભીતરથી ખૂબ દુઃખ થયું પણ પોતાની ગરીબીના કારણે એ ચૂપ રહી.
થોડા દિવસ પછી બારમાનું પરિણામ આવ્યું. મીરાં સવારથી માથે હાથ દઈને બેઠી.
ત્યાં જ સુમી આવી," બેન શું થયું?"
"અરે જવા દેને સુમી મારા પર તો ભારે મુસીબત આવી પડી છે. કેવી મુસીબત..?"
"મારો વિરાજ ચાર વિષયમાં નાપાસ થયો."
"બેન ચિંતા ન કરો. પાછી પરીક્ષા અપાવી દેજો."
"તારા દીકરાનું શું થયું...?"
"આ લો બેન પેંડા મારો દીકરો આખી શાળામાં પ્રથમ આવ્યો છે.હવે મારી મુસીબત દૂર થઈ ગઈ.હવે એ મોટો સાહેબ બનાશે."
કહી મીઠાઈ આપી ત્યાંથી ચાલી નીકળી.
મીરાંના મોં માંથી એક પણ શબ્દ બહાર ન નીકળ્યો.એ ગર્વ ભેર ચાલી જતી સુમીને જોઈ રહી.
ડૉ ફાલ્ગુની રાઠોડ 'ફાગ' નવસારી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય - મુસીબત
શીર્ષક - જીવી જાણો જિંદગી
પ્રકાર - પદ્ય, શબ્દ - ૭૪

............................?..........
મુસીબત આવે ઘણી તો પણ જિંદગી જીવી જાણો ,
ભલે ને હોય ભારી ખુમારી રાખવી પડશે ,
જિંદાદિલને દાદ દે તે ખરી તલવાર જેવી,
જીવન જેવું જીવું છું એવું કાગળ પર ઉતારું છું...!

પહેલું ડગલું ભર્યું ન ભર્યું ત્યાં તો, ખણકખણ આવે બીજી મુસીબત,
બસ બીજી પળે આગળ વધારે જિંદગી સામનો કરવા,
બસ ટળે મુસીબત ઝડપથી...!

તો અનુભવોને મધુરતા પ્રત્યે વેર છે,
તો જીવન સફળ તરફ પગરવ માંડીએ ,
મુસીબત આવ્યાં પહેલા ક્યાં કોઈ માને છે ,
કે જિંદગી ઘણી બાકી છે,
મરણ આવશે તો જ કદર કરે એ તો..!

રાગિની શુક્લ "રાગ" મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO :373**
વિષય : મુસીબત
શીર્ષક : નશાથી આવી મુસીબત
પ્રકાર : પદ્ય શબ્દ : ૪૬

આવી પડી આજે બહુ મુસીબત,
લાગી આજે અમુકને નશાની લત.

નશાના લીધે ઉડી ગઈ ઘણાની છત,
નશામાં ઘણાય રહે છે રાત દિન રત.

સગાને પડી હવે સગાઓની અછત,
પૈસાની પણ નથી કરી શકતા બચત.

માનવીએ મરવા માટે લગાવી છે શરત,
આટલું અણમોલ જીવન ના મળે પરત.

રૂપલ દવે "રૂપ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય- ★મુસીબત★
શીર્ષક-"★મુસીબત, હિંમત અને ધૈર્યનું પર્વ ★"
પ્રકાર-ગદ્ય શબ્દ- ૩૪૫

સ્વાભાવિક રીતે જ મુસીબતને જીવનમાં કોઈ ઈચ્છતું નથી, પરંતુ તે જ્યારે પણ આવે છે ત્યારે બારણે ટકોરા દઈ
આભાર - નિહારીકા રવિયા આવતી નથી, બસ ચોર પગલે આવી જાય છે. તેને ના તો આવકારાય છે કે ના ધુતકારાય છે. મુસીબત એટલે મનુષ્ય માટે મુશ્કેલી અને કસોટીનો સમય. મુસીબતનો સમય હંમેશા તેની સાથે હિંમત અને ધૈર્યનું ભાથું બાંધીને આવતો હોય છે, ત્યારે માનવી જો મુસીબતને સહજતાથી સ્વીકારી હિંમત અને ધૈર્ય દાખવી તેનો સામનો કરે તો મુસીબત પણ હળવી પ્રતિત થવા લાગે છે અને મુસીબતમાંથી બહાર આવવાનો રસ્તો સૂઝતો જાય છે.

ઘણી વ્યક્તિઓ મુસીબતથી ગભરાતી હોય છે અથવા તો દૂર ભાગતી હોય છે. વિકટ પરિસ્થિતિઓમાં ભાંગી પડે છે અને ઈશ્વરને, નસીબને કે પોતાની જાતને કોસે છે. વળી મુસીબત સમયે પોતાનું સંતુલન ગુમાવી દેતા હોય છે. તેમના વાણી, વર્તન અને વ્યવહારમાં એ ફલીભૂત થતું દેખાય છે. તેની જગ્યાએ જીવનમાં મુશ્કેલીના સમયે માનસિક સ્વસ્થતાથી હિંમત અને ધૈર્ય સાથે કામ લેવામાં આવે તો મુશ્કેલીનો પણ સરળતાથી સામનો થઈ શકે અને ઝડપથી મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર આવી શકાય છે. ઘણી વખત એવું પણ બનતું હોય છે કે મુસીબતનો આ ઝંઝાવાત પસાર કર્યા પછી માનવી વધુ મજબૂત આત્મબળ સાથે પોતાના જીવનમાં યશ અને પ્રતિષ્ઠા પણ પામે છે.

સફળ માણસોના જીવનચરિત્રો ઉપર જરા નજર નાખીશું તો જણાશે કે તે દરેકના જીવનમાં સફળતા સાંપડતા પહેલાં તેમણે અગણિત સંઘર્ષોનો સામનો કરવો પડ્યો હોય છે. મુસીબતોનો આ મુશ્કેલ સમય પુરા આત્મવિશ્વાસ, ઉચ્ચ મનોબળ, હિંમત અને ધૈર્ય સાથે પસાર કર્યા બાદ તેઓ સફળતા અને લોકપ્રિયતાના એવા ઊંચાઈના શીખરોએ પહોંચેલા જોવા મળે છે કે જેમને ઈતિહાસ, સમાજ કે આખું વિશ્વ આદરપૂર્વક નમન કરે છે. ખરેખર મુસીબતોના વાવટા પાછળ નવી તક, પ્રતિષ્ઠા અને સફળતાનો યશ પણ છુપાયેલો રહેતો હોય છે.

જેમ હિલોળા લેતા દરિયામાં ઉછળતા મોજાને એની ઉપર સવાર થઈ એક નાનકડી નાવ પસાર કરી દે છે અને તોફાની અશ્વને કાબેલ અસવાર ધીરજથી કાબુમાં લઈ લે છે, બરાબર તે જ પ્રકારે જ્યારે જીવનમાં મુસીબતોનો સામનો કરવાનો સમય આવે ત્યારે શાંતચિત્તે અને મક્કમ મનોબળથી તેનો સામનો કરી વિકટ સમયના વહેણને પણ આસાનીથી પાર પાડી શકાય છે. ચાલો, જીવનમાં આવતી મુસીબતને હિંમત અને ધૈર્ય દર્શાવવાનું પર્વ બનાવીએ.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS No.: 0141**
વિષયઃ "મુસીબત"★
શીર્ષકઃ "તો જો..."
પ્રકારઃપદ્ય/અછાંદસ સોનેટ★શબ્દોઃ ૧૨૬★

ગભરાઈશ ના સમુદ્રના, મહા ભયંકર મોજાંથી;
એક વાર, હિંમત કરી તું, લંગર ઉઠાવી તો જો!

સંસાર સાગર નથી, તું માને એવો, મુસીબતનો;
ખુલ્લી રાખ, દશે દિશાઓ, સઢ ફરકાવી તો જો!

અંતર બે હૃદય વચ્ચેનું, ભરપાઈ થશે જ્યાં પ્રેમે;
જેવાં ફાવે તેવાં, હાથ હલેસાં, હડસેલી તો જો!

રક્ષણહાર રહ્યો, સાથે, તોફાન વંટોળ, આંધીમાં;
ગાજ વીજ, વરસાદ ધૂમ ધડાકે, પલળી તો જો!

કોઈ ક્ષણ લાગશે કે, એ ગયા એમજ અવનીથી;
ઢસરડા રહ્યા જેતે કામના, સરવૈયું કાઢી તો જો!

નફો નુકશાન, હર પળે, ચિંતિત કરતું ગણત્રીએ;
ચોપડે બાકી ઉધારનું, તે માંડવાળ, કરી તો જો!

સિલક રહે શેષ, સવા! ભરણું, જે તે શુભ કર્મો;
"રવ" જગતમાં, જાયાનું, કારણ નિવારી તો જો!

રસિકભાઈ વ પરમાર "રવ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 353**
વિષય - મુસીબત
શીર્ષક - ભલે આવે મુસીબત હજાર
પ્રકાર - પદ્ય શબ્દો -૧૦૫

હૈયે રાખ હામ નજર રાખી ચાલ નિશાન.
ભલે આવે તોફાન ડગ ભર ન ડર લગાર.

કહેશે ઘણું લોકો ન સાંભળ તું કોઈની વાત.
રાખી અંતર વિશ્ર્વાસ તું ડગ ભર એજ વાત.

સમય સાથે કદમ મિલાવ વહી જશે ક્ષણ પલમાં.
રાખી એજ રટન અંતર ફતેહ કર આગળ જગમાં.

વિચાર રાખી હૃદય સારા નિતી થી ફેલાવ સુગંધ.
હરેક પળ ને જીવ ફરી આવશે નહીં આવી તક.

"રાહી" હાર નહીં જો આત્મવિશ્વાસ હોય અંતરમાં
લક્ષ્ય ને પામી સફળ થા તું ભલે આવે મુસીબત હજાર.

લિ.. સોલંકી પ્રકાશકુમાર મનુભાઈ" એકાંત"રાહી"

# સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગરનો સાંસ્કૃતિક કાર્યક્રમ ઉમંગ-૨૦૨૫ તા,૨૩.૦૩.૨૦૨૫ રવિવાર સાંજે ૪.૦૦ કલાકે આંબેડકર હોલ, સેક્ટર -૧૨,ગાંધીનગર ખાતે યોજાયો હતો



સર્વધર્મ પ્રાર્થનાની બાદ સંસ્થાના ટ્રસ્ટીમંડળ અને કાર્યવાહક મંડળના સભ્યોશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી ઉમંગ -૨૦૨૫ ને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પ્રમુખશ્રી હરજીવનભાઈ પંચાલે કાઉન્સિલની પ્રવૃત્તિઓ વિશે વાત કરી અને સૌને આવકાર્યા હતા.મંત્રી શ્રી હસમુખભાઈ મેકવાન દ્વારા કાર્યક્રમની ભૂમિકા રજુ કરી હતી.

મહિરા પંડ્યાની ગણેશ વંદનાની પ્રસ્તુતિ સાથે જ ઉમંગ -૨૦૨૫ નો પ્રારંભ થયો. પ્રતિભાબેન દવે- સત્યમ શિવમ સુન્દરમના નૃત્ય ગાન સાથે ઉપસ્થિતિનું સ્વાગત કરાયું. જ્યારે પ્રિશા મેકવાન - મુક્તિ મળે કે ન મળે - ભજનની પ્રસ્તુતિ કરવામાં આવી.

મહિલા પાંખ દ્વારા- કુમ કુમ કેરા પગલે માડી ગરબે રમવા આવ કે માડી ઘણી ખમ્મા - ની પ્રસ્તુતિ કરવામાં આવી. જેમાં પ્રીતિબેન ઠાકર ,ગીરાબેન દવે, રીટાબેન જાની ,વર્ષા ઠક્કર, ભારતીબેન રાવલ, પ્રતિભાબેન દવે ,મનીષાબેન ત્રિપાઠી, ચારુબેન ગોહેલ ,રીટાબેન પરમાર અને અલકાબેન ભટ્ટે ભાગ લીધો હતો .શ્રી પોપટલાલ પ્રજાપતિના કવાલી- મુસાયરા રજૂ થયો . દાંપત્ય જીવનની રંગ રસીલી વાતોથી ખડખડાટ હસાવતુ નાટક ×લીલાની લીલા× પ્રસ્તુત થયું .શ્રી નટવર પટેલ લિખિત, પ્રકાશ લાલા દિગ્દર્શિત ×લીલાની લીલા× નાટકમાં સર્વશ્રી આશા સરવૈયા, વિભા ઠક્કર, કુસુમ જોશી ,ગિરીશ ત્રિવેદી, અશ્વિન શાહ ,જયરામ સોની, હસમુખ શાહ ,હસમુખ મેકવાન અને પ્રકાશ લાલાએ અભિનયના અજવાળા પાથરયા હતા.

ગીતોના ગુલદસ્તા કાર્યક્રમમાં રમેશ મહેતા- લીખે જો ખત તુજે ,જયદેવીબેન- ભટ્ટ દિલ અપના ઔર પ્રિત પરાઇ,આર. ડી .ડોડીયા - યે મેરા પ્રેમ પત્ર પઢકર ,જીતુભાઈ પરમાર- જો તુમકો હો પસંદ ,દશરથભાઈ પરમાર- ભજન -આત્માને ઓળખ્યા વિના, હરજીવનભાઈ પંચાલ- યુ રુઠોના યેનહસીના , શ્રી ઠાકોરભાઈ શેઠ- જીના યહાં મરના યહા ,અલકાબેન ભટ્ટ- આયે હો મેરી જિંદગી મેં, નિર્મલ અને સંગીતા બોરા - એક પ્યાર કા નગમાં હૈ ,નરેન્દ્રભાઈ ગોર -યે રેશમી ઝુલ્ફે, હસમુખભાઈ શાહ- મેરા જૂતા હૈ જાપાની, કુસુમબેન જોશી - તું કિતની અચ્છી હે તુ કિતની ભોલી હૈ ઓ માં , ગીરીશભાઈ ત્રિવેદી- ન તુમ હમે જાનુ ન હમ તુમ્હે જાને, દિલીપસિંહ બ્રહ્મભટ્ટ -પલ પલ દિલ કે પાસ તુમ રહેતી હો, જયરામભાઈ સોની - પ્યાસે ક્યા હો ગયા, દિનેશ કુમાર - હમસે ક્યા ભૂલ હુઈ જોઈએ સજા, વિનોદભાઈ ત્રિવેદી - સજન રે જૂઠ મત બોલો અને અંતમાં હરજીવનભાઈ પંચાલ નું કેશીયો ઉપર- મસ્તી ભરા હૈ સમા ના ગીતની સાથે જ ઉમંગ- ૨૦૨૫ કાર્યક્રમ સંપન્ન થયો.

સંગીત- જોન પીટર્સ સાથે જશુભાઈ શ્રીમાળી જોડાયા હતા.કાર્યક્રમમા ભાગ લેનાર સૌ મિત્રોને ભાનુબહેન ઠક્કર તરફથી ભેટ આપવામા આવી હતી.અંત સુરુચિ ભોજનનો આનંદ માણી વિખૂટા પડ્યા હતા.

# ડાંગ જિલ્લા આહવા તાલુકાના ગાઢવી પ્રાથમિક શાળા ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો



ડાંગ જિલ્લા માં યોગ શિક્ષક/ ટ્રેનર તરીકે ની તાલીમ પૂર્ણ થતાં ગાઢવી પ્રાથમિક શાળા ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ની ડાંગ જિલ્લા ની ટીમ દ્વારા પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. મળતી માહિતી અનુસાર ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ડાંગ જિલ્લામાં યોગ વર્ગો શરૂ થયા હતા. જેમાં બે માસ ની દરરોજ ૨ કલાક ની યોગ શિક્ષક તરીકે તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ પૂર્ણ થયા બાદ જીલ્લા કક્ષાએ કોચ લેવલ ની લેખિત ઓ.એમ .આર. પદ્ધતિ દ્વારા ૫૦ ગુણ ની પરીક્ષા લેવામાં આવે છે. ત્યારબાદ જીલ્લા યોગ કો ઓર્ડીનેટર દ્વારા પ્રેક્ટીકલ પરીક્ષા અને વાયવા નું આયોજન કરવામાં આવે છે જેમાં પાસ થાય તે ઉમેદવારો ને ૭ દિવસ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ના નિષ્ણાતો દ્વારા ઓનલાઇન ટ્રેનિંગ આપવામાં આવે છે. અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ફાઈનલ ઓનલાઈન પરીક્ષા લેવામાં આવે છે.જેમાં તેઓ પાસ થાય તેને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા માન્ય યોગ ટ્રેનર/ યોગ શિક્ષક તરીકે નું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે. આમ ડાંગ જિલ્લા માં આહવા આઈ.ટી. આઇ, ગાઢવી ગામ અને વઘઈ ખાતે ટ્રેનિંગ આપવામાં આવી જેમાં કુલ ૩૧ જેટલા ટ્રેનર પાસ થયા હતા.ગામ ના પ્રથમ નાગરિક સરપંચ શ્રી ની અધ્યક્ષતામાં જીલ્લા યોગ કો ઓર્ડીનેટર દ્વારા કાર્યક્રમ નું આયોજન કરી આજ રોજ ડાંગ જિલ્લા ના યોગ શિક્ષકો ને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ માં ગાઢવી ગામ ના ઊર્જાવાન સરપંચ શ્રી જીતુભાઈ ગાવિત, આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ ના સામાજિક કાર્યકર શ્રીમતી સજિતા બેન ભોયે , ગામ ના મહિલા જૂથ ના ઉપ પ્રમુખ ગીતાબેન ભોયે ઉપરાંત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ની સમગ્ર કોચ ટીમ ના વરદ હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સરપંચ શ્રી પણ દરેક યોગ વર્ગ ની મુલાકાત લઈ જરૂરિયાત મુજબ સહયોગ કરશે તેમ જણાવ્યું હતું.ડાંગ જિલ્લા માંથી જો કોઈ યોગ શિક્ષક બનવા ઈચ્છે છે તો ૧૮ થી ૬૫ વર્ષ ના ઓછામાં ઓછું ધોરણ ૧૦ ભણેલ દરેક વ્યક્તિ યોગ શિક્ષક બની પોતાના ગામ માં જ વર્ગો ચલાવવા માટે ડાંગ જિલ્લા યોગ કો ઓર્ડીનેટર કુ. પ્રિયંકાબેન ભોયે ૯૮૭૦૦૯૯૦૦૬ પર સંપર્ક કરવાનું જણાવવામાં આવે છે.



આજના વિજ્ઞાન અને ટેકનોલોજીનાં યુગમાં પણ અંધશ્રદ્ધાનાં બનાવોમાં વધારો જ થતો રહે છે ત્યારે છોટા ઉદેપુરમાં વધુ એક વખત ઢોંગી ભુવો ઝડપાયો હતો. છોટા ઉદેપુરના સટુંન ગામેથી વિજ્ઞાન જાથાએ છટકું ગોઢવીને ઢોંગી ભુવાનો પર્દાફાશ કર્યો હતો. ગણપત નાયક નામનો ઢોંગી ભુવો મહિલાના પગમાં માલિશ કરી વિધિ કરતો હતો. આ ઉપરાંત દોરા, ધાગા પણ કરતો હતો. વિજ્ઞાન જાથાએ પાખંડી ભુવા પાસે માફી પણ મંગાવી હતી.વિજ્ઞાન જાથાને માહિતી મળી હતી કે ગણપત નાયક નામનો ભુવો ખોટા દોરા ધાગા કરી ગ્રામજનોને ભ્રમિત કરી રહ્યો છે. તે મહિલાઓને પગના ભાગે માલિશ પણ કરતો હતો. ભુવો જ્યારે માલિશ કરતો હતો તે દરમિયાન વિજ્ઞાન જાથાની ટીમ ત્યાં પહોંચી હતી. ગ્રામજનોએ ઢોંગી ભુવાનો વીડિયો ઉતારી વાઈરલ કર્યો હતો.

# ખાચર પરિવાર ના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના મંદિરે મોદળીયા (ગઢડીયા) શ્રીમદ્ દેવી ભાગવત સપ્તાહ નું આયોજન




બોટાદ જિલ્લા ના મોદળિયા (ગઢડીયા ) ચામુંડા માતાજીના મંદિરે ઠેબાણી ખાચર પરિવાર આયોજિત શ્રીમદ્ દેવી ભાગવત સપ્તાહ નું શુભ આયોજન સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ-૧ને, રવિવાર તા.૩૦-૦૩-૨૦૨૫ થી ચૈત્ર સુદ-૧૦ ને સોમવારતા.૦૭-૦૪-૨૦૨૫ સુધી જ્ઞાનયજ્ઞાનું આયોજન ઠેબાણી ખાચર પરીવાર તરફથી કરેલ છે. જેમા વકતાપદે શ્રી મહેશપ્રસાદ એમ.વ્યાસ પોતાના સુમધુર કંઠે સંગીતના સુર સાથે માતાજીના દિવ્ય ચરિત્રોનું રસપાન કરાવશે જગદંબા માં ચામુંડા માતાજી મંદિર ના આંગણે ખાચર પરિવાર તરફથી દેવિ ભાગવત સપ્તાહનું માતાજી ના સાનિધ્યમાં ભવ્ય આયોજન થઈ રહ્યું છે આવો સૌ માતાજી ના આંગણે દેવી ભાગવત સપ્તાહ નો રૂડો અવસર મળ્યો છે ત્યારે આપડે સૌ સાથે મળી દેવિ ભાગવત નું રસપાન કરીયે તો આ શુભ અવસર પર સૌંરાષ્ટ્ર ના દર્શનીય સંતો મહંતો પધારશે તો ભાવિક ભક્તો ખુબ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહેવાના હોય મંદિર દ્વારા તડામાર તૈયારી ચાલી રહી છે.

## અધ્યાત્મયોગી આચાર્ય શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજા ના શિષ્ય

# આ. ભ. શ્રી તીર્થભદ્રસૂરીશ્વરજી મહારાજી તથા એમની સાથે ૬૫ સાધુ સાધ્વીજી ભગવંત સાથે ચેન્નાઇ ( મદ્રાસ) થી વિહાર કરી ગઈ કાલે વલસાડ ખાતે પધાર્યા હતા



અધ્યાત્મયોગી આચાર્ય શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજા ના શિષ્ય આ. ભ. શ્રી તીર્થભદ્રસૂરીશ્વરજી મહારાજી તથા એમની સાથે ૬૫ સાધુ સાધ્વીજી ભગવંત સાથે ચેન્નાઇ ( મદ્રાસ) થી વિહાર કરી ગઈ કાલે વલસાડ ખાતે પધાર્યા હતા આજરોજ પૂજ્યશ્રી દ્વારા વલસાડ ખાતે પધરામણી કરવામાં આવી હતી,અને પૂજ્યશ્રી દ્વારા માંગલિક, અને જાહેર પ્રવચન આપી જૈન ધર્મના શ્રાવક શ્રાવિકાઓ ને પ્રવચન દરમિયાન ભાઈઓ ને કહ્યું કે આપ રોજ સવારે ઉઠીને રાત્રે સુવા સુધી જે ભાગ દોડ કરી રહ્યા છો, શા માટે માત્ર ને માત્ર પૈસા કમાવીને બેન્ક બેલેન્સ કરવા માટે..?

હવે ઘણું દોડ્યા અને ઘણું કમાવી લીધું અને ઘણું બેન્ક બેલેન્સ કર્યું હવે માત્ર ને માત્ર ધાર્મિક માર્ગે ચાલો અને પુણ્ય નું કાર્ય કરી પુણ્ય નું ભાથુ બાંધો અને પોતાની આત્મા નું કલ્યાણ થાય એવા કાર્ય કરો એવી હાકલ પ્રવચન દર મિયાન કરવામાં આવી હતી.

અને આચાર્ય ભગવંત ને વંદન, દર્શન કરવા માટે જૈન સમાજ ના ભાઈઓ તથા બહેનો મુંબઈ, વાપી, વલસાડ, સુરત, નવસારી, ચીખલી, બીલીમોરા તથા આજુબાજુ ના ગામોમાં વસવાટ કરતા જૈન સમાજ ના ભાઈઓ બહેનો ખૂબ મોટી સંખ્યામા પધાર્યા હતા. અને દર્શન, વંદન કરી ધન્યતા અનુભવી રહ્યા હતા વિનોદ બાંડીવાળા ડીસા

# પર્યાવરણ માટે હાનિકારક એવું કોનોકાર્પસ



ભારત દેશમાં શહેરીકરણ અને ઉદ્યોગીકરણનાં કારણે લીલા જંગલો કપાતા જાઈ છે અને તેના સ્થાને કોન્ક્રીટ કે સિમેન્ટના જંગલો ઊભા થયા છે. જેમ કોઈ પણ ક્રિયાની પ્રતિક્રિયા હોય તેમ આપણા સમાજમાં વૃક્ષ છેદન કરનારની સામે વૃક્ષોનું વાવેતર અને પર્યાવરણનું જતન કરનારો જાગૃત વર્ગ પણ જોવા મળે છે. પરંતુ ઘણી ખરી વાર પૂરતા જ્ઞાનનાં અભાવને કારણે અજાણતા જ પર્યાવરણનું રક્ષણ કરવાના હેતુથી કરેલું કાર્ય જ પર્યાવરણને નુકશાન પહોંચાડી શકે છે.

ભારતમાં હાલમાં જ કોનોકાર્પસ નામનું વૃક્ષ ખૂબ જ ચર્ચામાં છે. સુશોભન માટે વપરાતું આ વૃક્ષ મૂળ પશ્ચિમી એશિયામાં જોવા મળે છે. કોનોકાર્પસ વિદેશી છે. તે અરબસ્તાનની ધરતી પરથી ભારતમાં આવેલો પ્લાન્ટ છે. જે ઓછા પાણીમાં ઉગી શકે છે, કારણ કે તેની પાસે ભૂગર્ભ જળને મોટા પાયે ખેંચવાની અને તેના પર ટકી જવાની ક્ષમતા છે. ઝડપથી વૃદ્ધિ કરતું આ વૃક્ષ શોભામાં ચોક્કસપણે વધારો કરે છે પરંતુ તે સ્વાસ્થ્ય અને પર્યાવરણ બંને માટે હાનિકારક છે તેવું પર્યાવરણવિદોનું કહેવું છે. કોનોકાર્પસ લેન્સિફોલિઅસ સુશોભન માટેનું વૃક્ષ છે. તે કોમ્બ્રેટેસી (Combretaceae) કુળની વનસ્પતિ છે. લેન્સલીફ બટનવુડ (Lanceleaf Buttonwood), દમાસ ટ્રી (Damas Tree), વગેરે જેવા સામાન્ય નામોથી ઓળખવામાં આવે છે. તે પશ્ચિમી એશિયા (યમન)નું મૂળ વતની છે. તે સદાહરીત વૃક્ષ છે, જે ૨૦ મીટર ઊંચું વધે છે. વાવેતર કરેલ વૃક્ષ મોટાભાગે એક જ પ્રકાંડવાળું પરંતુ જ્યાં કુદરતી રીતે ઊગે છે તેવા વૃક્ષોમાં ઘણી બધી શાખાઓ હોય છે. પાંદડા સરળ અને ચળકતા, ૧૦ સે.મી. લાંબા, લેન્સ આકારના, આધાર પાસે સાંકડા અને ગાઢ સર્પાકારમાં ગોઠવાયેલ હોય છે. ફૂલો પીળાશ પડતાં લીલા, શાખાઓ પર ગોળાકાર હેડ આકારના અને થોડા સુગંધીદાર. ફળ શુષ્ક, ગોળાકાર, લીલા રંગના, કોન જેવા જે ભીંગડા જેવા નાના ઘણા સખત બીજ ધરાવે છે. સુશોભન માટે ઉપયોગી એવું આ વૃક્ષ માત્ર દેખાવ માં જ સારું છે. ખરેખર આ વૃક્ષ પર્યાવરણની સાથે સાથે વ્યક્તિના સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ હાનિકારક છે. આ વૃક્ષ મોટે ભાગે દરિયાકિનારે વાવવામાં આવતું હતું પરંતુ આજ શહેરની શોભા વધારવા શહેરી વિસ્તારમાં આ વૃક્ષ વવાઈ રહ્યા છે. આ વૃક્ષ જમીનમાંથી બહોળા પ્રમાણમાં પાણી ખેચી લે છે જેથી ભવિષ્યમાં જમીનનાં પાણીની સપાટી ખૂબ જ નીચી જવાની શક્યતાઓ ખૂબ જ વધારે છે. ગુજરાત રાજ્યના અમુક શહેરોમાં આ પરિસ્થિતિ ઊભી થઈ છે. સંશોધન દ્વારા જાણવા મળે છે કે કોનોકાર્પસ વૃક્ષથી દરેક વ્યક્તિનાં સ્વાસ્થ્યને અલગ અલગ અસર જોવા મળે છે. તેની રજથી વ્યક્તિનાં ફેફસા પર વિપરીત અસર પડી શકે છે. કોનોકાર્પસ લોકોનાં આરોગ્ય માટે પણ જોખમી છે. તેથી પરાગરજના કારણે અસ્થમા અને એલર્જી થવાની શક્યતા છે. તેના મૂળિયા જમીનમાં પ્રસરે છે. જો ડીવાઈડર પર આ વૃક્ષ ઉગાડવામાં આવે તો રોડ - રસ્તાને નુકસાન થાય છે. આ વૃક્ષના કારણે ચામડીની એલર્જી અને શ્વસન પ્રક્રિયા પર આડઅસરો તેમજ કફ, ખાંસી જેવી તકલીફો જોવા મળે છે. તબીબી ભાષામાં જેને એલર્જીક બ્રોન્કાઈટીસ કહે છે. આ વૃક્ષ કોઈ પણ ઋતુમાં ખૂબ જ ઝડપથી વિકાસ પામતું હોય છે, ઉપરાંત તે છાંયડો આપે છે માટે લોકો તેની નીચે બેસવાનું પસંદ કરે છે. પરંતુ આ વૃક્ષના પરાગરજો હાનિકારક હોવાથી વ્યક્તિના સ્વાસ્થ્ય પર વિપરીત અસર કરે છે. આવું વૃક્ષ વાવવાને બદલે ભારતનાં દેશી વૃક્ષો વાવીને આપણી સંસ્કૃતિનું રક્ષણ કરીએ અને કોનોકાર્પસને જાકારો આપીએ.

# કચ્છમાં ફરી ધમધમતું કરોડોનું જમીન કોભાંડ

કચ્છમાં ફરી ધમધમતું કરોડોનું જમીન કોભાંડ. કાગળોમાં છેડછાડ કરી આચર્યું મસમોટું કરોડોનું કોભાંડ અને અંજાર મામલતદાર મંડોરી સામે લાગ્યાં ભ્રષ્ટાચારના આરોપો. મુંબઈ માં ૪૦ વરસથી રહેતા નવીન રમણીકલાલ રૂપારેલ ગામ વરસામેડી,અંજાર કચ્છ ના મામલતદાર તેમજ જવાબદાર મહેસૂલ ના અધિકારીઓ ઉપર ૫૦૦ થી ૭૦૦ કરોડ ના જમીન ના કૌભાંડ ની ફરિયાદ ગાંધીનગર ઉચ્ચ કક્ષાએ તેમજ સીબીઆઈ વિભાગમાં તેમના પિતાના ખોટા ડેથ સર્ટિફિકેટ બનાવી મસમોટુ કૌભાંડ અધિકારીઓ ના નામ સાથે દસ્તાવેજી પુરાવા સાથે અરજી કરી છે...કહેવાતા ડબલ એન્જિન ની સરકાર માં મસમોટા કૌભાંડ અને ગુનાહિત પ્રવૃતિઓ અધિકારીઓ ની સંડોવણી સહિત થઈ રહેલ હોવા છતાં મળતિયાઓ ને કમલમ ની ડેમેજ કંટ્રોલ ટીમ દ્વારા બચાવી લેવાના મૂડમાં આ સરકાર હોય તેમ લાગે છે..ગોંડલ ના હત્યા ના કિસ્સામાં ફરિયાદી ગંભીર પુરાવાઓ અને પોતાની એફિડેવિટ સાથે રજૂવત કરવા છતાં ગુનેગારો છડેચોક ફરી રહ્યા છે.અમરેલી માં પણ સરકાર ઊંઘતી ઝડપાઈ છતાં નાના કર્મચારીઓ ને સસ્પેન્ડ કરી મગરમચ્છો ને બચાવી રહ્યા હોય તેવું લોક મુખે ચર્ચાય છે...મોટી એક ચેનલ માં નામો અને તેમની સંપત્તિઓ ન લિસ્ટ સાથે ૪૨ આઈપીએસ સીબીઆઈ અને એસીબી ની રડાર માં હોવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી... કચ્છ માં વર્ષોથી ખુબ મોટા મહેસૂલી કૌભાંડ હોવા છતાં કચ્છ ની જે પ્રજા બહાર રહે છે તેમના દસ્તાવેજ સાથે સરકારી અધિકારીઓ દ્વારા ચેંડા કરીને મૂળ માલિકો ને ડરાવી,ધમકાવી તેમની જમીનો ઓછા ભાવે ખરીદી ના કારસો રાજનેતાઓ અને અધિકારીઓ ની મિલી ભગત થી થઈ રહ્યો છે....તેવું લોકમુખે વિધાનસભા ના અધિકારી ગણ અને અનેક લોકો માં ચર્ચા નો મુદ્દો બની ગયો છે....

# ડીસા ખાતે યોગીરાજ લિલાશાહ મહારાજ ની ૧૪૫ મી જન્મ જયંતી ધામ ધુમ થી ઉજવાઈ..

ડીસા ખાતે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ સ્ટેટ બેંક ની સામે આવેલ ચર્ચ કંપાઉન્ડ માં લિલાશાહ બાપુની ૧૪૫મી જન્મ જયંતી તારીખ ૨૪.૦૩,૨૦૨૫ સોમવાર ના રોજ સવારે ગોવિંદ મહારાજ ના હસ્તે હવન અને પૂજા કરી આ પ્રસંગે સીધી બ્રહ્મક્ષત્રિય સમાજ ના પ્રમુખ વિજયભાઈ ખુહા સર્વ શ્રી ભોજુભાઈ છાટબાર.કેશવ ખત્રી. કોટુમલ વારડે . ઉત્તમભાઈ મહેશ્રવરી .અમૃતભાઈ વારડે. મૂરલીભાઈ વારડે (બાલોત્રા વાળા) તેમજ સમાજ ના યુવા સંગઠન ના કાર્યકરો તેમજ સમાજના ભાઈ બહેનોએ મોટી સંખ્યામાં હવન ના દર્શન ધન્યતા અનુભવી હતી..

આ ધાર્મિક કાર્યક્રમ માં ડીસા ભાજપ ના માજી નગર પાલિકા પ્રમુખ રાજુભાઈ ઠક્કર,પૂર્વ ગુજરાત વેર હાઉસિંગ ના પૂર્વ ચેરમેન મગનભાઈ માળી ભાજપના જિલ્લા ના આગેવાન અમૃતભાઈ દવે ડીસા શહેર પ્રમુખ રમેશ દેલવાડીયા સહિત હવન તેમજ ભોજન પ્રસાદ નો લાભ લીધો હતો.આ લીલાશાહ બાપુની જન્મ જયંતી માં પાટણ ના જાણીતા કમલેશભાઈ બ રફવાળા ના નાના મોટા બાળકો એ બરફ ગોળા આરોગી ગરમીથી રાહત મેળવી હતી..




# સુરતમાં લાંચ-તોડ કેસમાં છેલ્લા ૮ વર્ષમાં ૯ કોર્પોરેટર કે તેમના સગાસંબંધીઓ પકડાયા



હાલમાં સુરત મહાનગરપાલિકામાં આપમાંથી ચૂંટણી જીતેલા એક કોર્પોરેટરે ટેમ્પરરી સ્ટ્રક્ચર તોડવાની ધમકી આપીને પૈસા પડાવ્યાની ફરિયાદ બાદ તેની ધરપકડ થઈ છે. આ પહેલા આપના બે કોર્પોરેટરો ૧૦ લાખ રૂપિયાની લાંચ કેસમાં ઝડપાયા હતા. વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધીમાં કોર્પોરેટરો કે તેમના સંબંધી મળી કુલ ૯ સામે લાંચ લેવાના કેસ નોંધાયા છે. સુરતમાં હાલમાં આરટીઆઈ એક્ટિવિસ્ટ સામે તોડ કરવાની ફરિયાદ નોંધી તેમની ધરપકડ કરવામાં આવી રહી છે. આ વચ્ચે હાલમાં સુરતમાં આપમાંથી ચૂંટણી જીતેલા રાજેશ મોરડિયા સામે તોડની ફરિયાદ નોંધાતા તેમની ધરપકડ થઈ છે. આ પહેલાં ૨૦૧૮થી ૨૦૨૫ની વચ્ચે અનેક કોર્પોરેટરોએ ગેરકાયદે બાંધકામ, કોન્ટ્રાક્ટર કે અન્ય કામગીરી માટે લાંચ લીધી હોવાની ફરિયાદ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.